# શ્રી પ્રજાપતિ એસોસીએશન (યુ.કે.) (SPA(UK))

## ઈન્ટરનેશનલ ટ્રસ્ટ ફંડ (ITF)

## રજીસ્ટર્ડ ચેરીટી નબંર ૮૦૨૫૭૦

**પ્રસ્તાવના**

શ્રી પ્રજાપતિ એસોસીએશન (યુ.કે.) (SPA(UK)) જે એક રજીસ્ટર્ડ ચેરીટી છે, તેના ચેરીટેબલ ધ્યેય અને હેતુઓને અનુસરવા ૧૯૯૯મા શ્રી પ્રજાપતિ એસોસીએશન (યુ.કે.) દ્વારા ઈન્ટરનેશનલ ટ્રસ્ટ ફંડ (ITF), સ્થાપવામા આવ્યું હતું.

SPA(UK) ITF ની મેનેજમેન્ટ કમિટી નીચે પ્રમાણે બનેલ છે:

- ૩ એસપીએ(યુકે) ના હોધ્દેદારો
- એસપીએ(યુકે)ની ૧૪ શાખા તરફથી નિમણુક કરેલ એક એક હોલડીંગ ટ્રસ્ટી
- શ્રી સુરત પ્રજાપતિ યુનિયન (નાઈરોબી) તરફથી હાલમા ૪ કોઓપ્ટ કરેલા સભ્યો છે

બધા કમિટીના સભ્યો સ્વયંસેવક તરીકે પોતાની સેવા આપે છે. SPAITFની વર્ષમાં ઓછામા ઓછી બે વખત મિટીંગ હોય છે જેમા ફંડ મેળવવા આવેલી અરજીઓ પર નિર્ણય લેવામા આવે છે.

**એસપીએ(યુકે) ના ચેરીટેબલ ધ્યેય અને હેતુંઓ પ્રજાપતિ જ્ઞાતિ માટે નીચે પ્રમાણે છે:**

- પ્રજાપતિઓને ગરીબીમા રાહત આપવી
- પ્રજાપતિઓને માંદગીમાં રાહત આપવી
- પ્રજાપતિઓને શિક્ષણમા ઉન્નતી માટે સહાય આપવી
- હિંદુ ધર્મ અને સસ્કૃતિનુ પ્રોતસાહન અને ઉન્નતી માટે ફાળો આપવો

ઉપરના હેતુઓ માટે 'પ્રજાપતિ'ની વ્યાખ્યા એ છે કે જે વ્યકિતઓ હિંદુ ધર્મ અને સંસ્કૃતિ પર શ્રધ્ધા રાખે છે અને જેઓનો સંબંધ ભારતમા સુરત, નવસારી અથવા વલસાડ જીલ્લા (વાપી થી તાપી) સાથે છે અને જેઓના વડવાઓ નો મુખ્ય વ્યવસાય અથવા ધંધો રોજગાર સુથારી અથવા કુંભારી હતો.

**એસપીએ(યુકે) તેના ચેરીટેબલ હેતુઓ માટે ફંડ કેવી રીતે મેળવે છે:**

- રાષ્ટ્રીય (નેશનલ) સ્તરે વિવિધ પ્રસંગોનું આયોજન કરી, જેવાકે વાર્ષિક રમત ગમત હરિફાઈ, મહિલા સમેલન, યુવાનોની પ્રવૃતિઓ તેમજ બીજા ધાર્મિક અને સાસ્કૃતિક ઉત્સવોની ઉજવણી વિગેરે દ્વારા.
- એસપીએ(યુકે) અને શાખાઓ ખાસ પ્રવૃતિઓનું આયોજન કરી ફંડ માટે અપીલ કરે છે

• એસપીએ(યુકે) અને શાખાઓ કુદરતી આફતો , જેવીકે ધરતીકંપ અથવા રેલ આવે ત્યારે ફંડ માટે અપીલ દ્રારા

• વ્યકિતગત દાતારો અને સંસ્થાઓ પાસેથી

આ પ્રમાણે ભેગુ કરેલ ફંડ પ્રજાપતિ જ્ઞાતિની અને બીજી બીન-પ્રજાપતિ સંસ્થાઓને આપવામા આવે છે.

SPAITF પાસે એક ફંડ શ્રી સુરત પ્રજાપતિ યુનિયન (નાઈરોબી) તરફથી છે. આ "એન્ડાવમેન્ટ ફંડ" યાને થાપણ દાન છે જેનુ સંચાલન ખાસ શરતો અને નિયમો મુજબ થાય છે. તે ફંડ ઉપર મળતુ ફકત વ્યાજ જ મુખ્યત્વે પ્રજાપતિ જ્ઞાતિ કે જે ભારતમા સુરત, નવસારી, અને વલસાડ જીલ્લામાં (વાપી થી તાપી) વસે છે તેઓના લાભ માટે જ વપરાય છે.

બીજુ એક નિયુકત (ડેજીગનેટેડ) ફંડ શિક્ષણની ઉન્નતી અર્થે શ્રી સુરત પ્રજાપતિ સમાજ, મોમ્બાસા, કેન્યા તરફથી છે.

**SPA ITF તરફથી અત્યાર સુધી જે યોજનાઓનું સંચાલન થયુ તે નીચે મુજબ છે. :**

• એસપીએ(યુકે)એ એક નવા અનાથાશ્રમના મકાનના બાંધકામ માટે ભુજ, કચ્છ (ભારત) માં £૩૦,૦૦૦નું દાન આપ્યું હતું.

• શ્રી પ્રજાપતિ સમાજ, ભચાઉ, કચ્છમાં(ભારત) તેમના સમાજનું મકાન હતુ તે ગુજરાતના ભુકંપથી એકદમ ભાંગી પડયુ હતુ. તેને નવુ મકાન બાંધવા માટે £૨૩,૦૦૦નું દાન આપ્યું હતું.

• એક નવુ અનાથાશ્રમ અને કામધંધાનું શિક્ષણ આપવા માટેનું મકાન જે નાગરકોલી, તામીલનાડુ, ભારતમા છે તેમના માટે £૧૫,૦૦૦નું દાન આપ્યું હતું.

• રોટરી આઈ હોસ્પીટલ, નવસારી ને એક નવુ મોબાઈલ આઈ યુનિટ £૨૭,૦૦૦ ના ખર્ચે આપ્યુ હતુ

• એક નવુ પુસ્તકાલય (લાયબ્રેરી) અને કોમ્પ્યુટર સેન્ટર બનાવવામાં શ્રી પ્રજાપતિ કેળવણી મંડળ, પાલનપૂર, ગુજરાતને £૮,૦૦૦ આપવામા આવ્યા હતા

• શ્રી પ્રજાપતિ આશ્રમ, નવસારીને કન્યા છાત્રાલયનું નવું મકાન બનાવ્યુ ત્યારે તે માટે £૨૦,૦૦૦ આપ્યા હતા

• બીજી અન્ય રકમો ( જે £૧૦૦ થી £૫,૦૦૦ સુધી ) પ્રજાપતિ જ્ઞાતિની જરૂરતમંદ વ્યકિતઓ અને સંસ્થાઓને ખાસ કરી શિક્ષણના ખર્ચ અર્થે આપવામા આવી હતી

**<u>SPA(UK) ITFના ફંડની ફાળવણી અંગેના નિયમ</u>**

**સર્વ-સાધારણ**

એસપીએ(યુકે) પાસે મર્યાદિત ફંડ છે અને તે જાહેર જનતાના દાનને આધારે છે. ટ્રસ્ટીઓને કાયદા અનુસરી ફરજ પાર પાડવાની રહે છે. ફંડ ખાસ ચેરીટેબલ કાર્ય અર્થે જ વપરાય છે અને ફંડનુ સંચાલન યુ.કે.ના ચેરીટીના કાયદા અનુસાર કરવામાં આવે છે. આ કારણોને લીધે ટ્રસ્ટના ફંડના વહીવટ ઉપર ઘણા અંકુશો છે. ટ્રસ્ટીઓ ફંડનુ વિતરણ દક્ષિણ ગુજરાતના પ્રજાપતિ વ્યકિતઓ અને સસ્થાઓને કરે છે જે ટ્રસ્ટના મુખ્ય લાભો આપવાના ક્ષેત્રમા આવે છે.

**<u>SPA(UK) ITFના ફંડના વિતરણ માટે નિયમો</u>**

વ્યકિતઓ તરફથી ફંડની સહાયતા માટેની અરજીઓ આવે ત્યારે ટ્રસ્ટીઓ દરેક વ્યકિતઓના સંજોગોને ધ્યાનમા લેવામાં આવે છે. જેવા કે વ્યકિતની આવક, અને નજીકના અને એક જ ઘરમા રહેતા બધા સભ્યોની આવક, વિગેરે. ટ્રસ્ટીઓ તે વ્યકિત ને ભારત અથવા પરદેશની બીજી કોઈ સંસ્થા તરફથી , અથવા સગાસબંધી તરફથી સહાયતા મળતી હોય તે પણ લક્ષમા લેવામાં આવે છે.

ટ્રસ્ટીઓ ફંડની અરજીઓનું વિભાજન નીચે જણાવેલ ચેરીટેબલ હેતુઓ મુજબના મથાળા હેઠળ કરે છે:

**૧. ગરીબીમા રાહત**

ટ્રસ્ટીઓ ગરીબીની વ્યાખ્યા મર્યાદિત રીતે જુએ છે, જેમ કે જે વ્યકિત ફંડ માટે અરજી કરે છે તેની પાસે દરરોજનુ ગુજરાન ચલાવવાની આવક છે કે નહી. આવા યોગ્ય વિચારો કરી ફકત જરૂરીયાતમંદ વ્યકિતને જ ફંડ આપવામા આવે. કોઈ વ્યકિત ગરીબ ત્યારે જ ગણાય કે તેના ઘરમા આવતી આવકથી તેનું અને તેના કુટુંબનું નિર્વાહ કરી શકે નહી. ગરીબીના ઘણા કારણો છે જેવા કે નોકરી ન હોવી, નિરક્ષરતા, આવડત કે કાર્યકુશળતાનો અભાવ, વૃદ્ધાવસ્થા, શારીરિક અશકિત અને અપંગતા (ડીઝેબીલીટી)

ટ્રસ્ટીઓ ગરીબ વ્યકિતઓને પૈસા અથવા વસ્તુઓ અથવા સહાયતા નીચે પ્રમાણે આપી શકે:

• ખાસ જરૂરીઆતો માટે નક્કી કરેલા પૈસા મર્યાદિત સમય માટે • એકાએક આવી પડેલ સંકટ માટે પૈસાની ખાસ ચુકવણી • ખોરાક અને કપડા માટે સહાય • કામ કરવા હથિયારો અથવા સાધનસામગ્રી• બાળકોના શિક્ષણ માટે ફીઝ ની ચુકવણી • પુખ્તવયની વ્યકિતઓ માટે કામધંધાની તાલીમ કે જેથી તેઓની કાર્યકુશળતામા સુધારો થાય

જયારે ફંડ માટેની અરજી મંજુર કરવામાં આવે ત્યારે ટ્રસ્ટીઓ:

• સહાય આપનારને પૈસા આપશે • સહાય મેળવનારને કોઈ મારફત નહી પણ સીધા પૈસા ચુકતે કરશે • સહાય મેળવનારને માટે જરૂરી સહાયની વ્યવસ્થા કરશે.

**૨. માંદગીમાં રાહત**

SPA(UK)ITF ફંડ ફકત પ્રજાપતિ જ્ઞાતિની વ્યકિતઓ કે જેઓ માંદગીથી પિડાતા હોય અને ગરીબ હોય તેઓને માટે જ નિયંત્રિત છે. બીમાર અને મંદવાડનો અર્થ માંદગી અને રોગથી પિડીત. આ અર્થમાં માનસીક અસ્થિરતા અથવા વ્યસનીનો પણ સમાવશ થાય છે. ટ્રસ્ટીઓ ફંડમાંથી નીચે જણાવેલ સેવા અથવા સહાય અપાવે જેથી તેઓનું દુ:ખ ઓછુ થાય અથવા તેઓને સાજા થવામાં મદદ મળે:

• માંદગી • માંદગી પછી ક્રમિક સ્વાસ્થય સુધાર માટે • અશકત અને અપંગને સહાય

મદદ આપતા પહેલા ટ્રસ્ટીઓને સંતોષ થવો જોઈશે કે અરજી કરનાર અથવા જે વ્યકિત બીજા માટે અરજી કરતા હોય તેઓની:

• મદદની જરૂરીયાતની અંગે પુરેપુરી સ્પષ્ટતા કરેલી હોય • નક્કી કરેલ લાભ જે તે જરૂરીયાત માટે જ છે • તે લાભો અથવા મદદ બીજી કોઈ ચેરીટી તરફથી મળતા તો નથી ને તે જોવામાં આવશે.

ટ્રસ્ટીઓ માંદગીવાળી વ્યકિતને પૈસા ચુકવી શકે છે, અથવા માંદગીમા જરૂરીયાતની વસ્તુઓ પહોચાડી શકે અથવા સુવિધાની વ્યવસ્થા નીચે પ્રમાણે કરશે:

• ખાસ પૈસા માંદગી અને અશ્કત પરિસ્થિતી પ્રત્યે • દવાઓની ફીઝ • સારવાર માટે મદદ • દવાઓ, વૈદકીય સાધન સામગ્રી જેવીકે વીલચેર • હોસ્પીટલમાં સારવાર, અથવા માંદગી બાદ સ્વાસ્થ્યસુધાર માટે હેલ્થ કલીનીક • સગા-સબંધીઓને દરદીઓની સેવા કરવા અથવા મુલાકાત માટે લઈ જવા

ફંડની અરજી મંજુર થઈ જાય ત્યારે ટ્રસ્ટીઓ:

• જેઓ સેવાઓ આપે છે તેઓને સીધા પૈસા ચુકતે કરશે અથવા • લાભ મેળવનારને સીધા પૈસા ચુકતે કરશે જેથી તેઓ સેવા આપનારને પૈસા આપી શકે અથવા • લાભ મેળવનારને સેવાઓ મળે તેવી વ્યવસ્થા કરશે.

**૩. શિક્ષણ માટે સહાય**

SPA(UK) તરફથી એક જુદુ "એજયુકેશન ફંડ" સ્થાપિત કરેલ છે જેમા પ્રજાપતિ જ્ઞાતિના વાલીઓ ગરીબ હોવાથી તેમની નબળી નાણાક્ય સ્થિતીને લીધે તેઓના બાળકોને શિક્ષણમા આગળ વધવા મદદ કરી શકતા નથી તેવાને સહાય કરે છે. હાલમા ફકત ટયુશન ફીઝ માટે જ સહાય આપે છે. સામાન્ય રીતે કોલેજ અથવા યુનિવર્સિટીના અભ્યાસ માટે જ આ સહાય મર્યાદીત છે.

**૪. હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ માટે સહાય**

પ્રજાપતિ જ્ઞાતિના ગરીબ સમુદાયના લાભાર્થે ટ્રસ્ટીઓ એવા આયોજનોને ટેકો આપશે કે જે નીચે જણાવેલ વિષયોમાં પ્રોત્સાહન પુરૂ પાડે છે:

• આધ્યાત્મીક શિક્ષણ જેમા હિન્દુ સંસ્કૃતિ અને માન્યતા ઉપર બોધ અપાતો હોય; અને • હિન્દુ ધર્મમાં ધાર્મિક વિધી અને સંસ્કાર, વિધીવિધાનનું પાલન અને ક્રિયાક્રમ.

ટ્રસ્ટીઓ એવી રીતે ખર્ચમા નાણાક્યિ મદદ કરી શકે કે જયા:

• હિન્દુ ધર્મ ઉપર આધ્યાત્મીક શિક્ષણ અપાતું હોય • હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ ઉપર પુસ્તકો અને બીજા સાહિત્ય અપાતા હોય • હિન્દુ ધાર્મિક વિધી અને સંસ્કાર (જન્મ અને મરણ સમયે), વિધીવિધાનનું પાલન ક્રિયાઓ

**SPA(UK) ITFના સંસ્થાઓ પ્રત્યેના નિયમો**

સામાન્ય રીતે ટ્રસ્ટીઓ લાબાં સમય માટે ફંડ મંજુર નહી કરે ભલે તે પ્રોજેકટ નિયમોની અંદર હોય. આનુ કારણ છે કે એસપીએ(યુકે) પાસે વિતરણ કરવા માટે મર્યાદિત ફંડ છે. એજ કારણે ટ્રસ્ટીઓ મોટા નાણાક્ય રોકાણના પ્રોજેકટ જેવા કે મકાન બાંધકામ અને કિમંતી સાધનસામગ્રી લેવા માટે ટેકો આપશે નહી, પરંતુ જો એ જરૂરીઆત કુદરતી આફતોને લઈને ઉદભવી હોય. (દાખલા તરીકે ધરતીકંપ અથવા રેલ) અને તે આફત અંગે જાહેરમા અપીલ કરી એસપીએ (યુકે) જુદુ ફંડ ભેગુ કરી શકે છે.

જે પ્રજાપતિ સંસ્થાના હેતુઓ એસપીએ(યુકે)ના ચેરીટેબલ હેતુઓ જેવા જ હોય તો તેના નાના પ્રોજેકટ માટે ટ્રસ્ટી ઓ ફંડ અંગેની અરજી ઉપર વિચાર કરશે.

• પ્રજાપતિ સંસ્થાઓ એવા પ્રોજેકટ ટ્રસ્ટીઓના વિચાર માટે રજુ કરી શકે છે જે ગરીબ અને માંદગીવાળાને લાભાર્થે હોય. • નિશાળો માટે સાધનસામગ્રી (જેમકે પુસ્તકાલય માટે પુસ્તકો, સ્ટેશનરી, કોમ્પ્યુટર) • વૈદકીય સાધના

સામગ્રી અને બીમાર, અશકત, અને અપંગ વ્યકિત માટે વિશેષ સુવિધા માટે • યુવાનો અને સ્ત્રીઓ માટે તાલીમના કાર્યક્રમો • બાળકો અને પુખ્તવયની વ્યકિતઓ માટે શૈક્ષણીક અને આરોગ્યને લગતી યોજનાઓ

**અરજીના ફોર્મ**

નીચે જણાવેલ ફોર્મ એસપીએ(યુકે)ની વેબસાઈટ www.prajapati.org.uk પરથી મેળવી શકાય છે:

ગ્રાન્ટ માટેનું અરજી ફોર્મ (સંસ્થાઓ માટે)

ગ્રાન્ટ માટે અરજી ફોર્મ – એજયુકેશન ટ્રસ્ટ ફંડ

ઈમેલ કરીને પણ યોગ્ય ફોર્મ મંગાવી શકાય છે.

Secretary, SPA (UK) International Trust Fund, sewa@mistry77.co.uk